## વડીલોને વંદન
## અભિનંદન


ડાહ્યાભાઈ કાળીદાસ સોની
(૧૯૪૩)ફોન: ૨૩૨૧૦૫૫૭


કમલાબેન પુરસોત્તમભાઈ કાકા
(૧૯૪૪)ફોન: ૨૩૨૩૦૮૬૧


પન્નાબેન કિરીટકુમાર મુદ્રા
(૧૯૪૬)ફોન: ૨૩૨૨૮૪૨૭


દેવીન્દ્રાબેન ગોવિંદભાઈ સુથાર
(૧૯૪૩)ફોન: ૨૩૨૨૫૧૯૯

# એન.આર.આઈ. ક્વોટા પેટે એકત્ર ફીમાંથી સ્કોલરશીપ આપવાના સુપ્રિમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરતા કોલેજોના સંચાલકો

ગાંધીનગર, તા. ૧૭

મેડીકલ ઈજનેરી ફાર્મસી પેરામેડીકલ તથા અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમોમાં ૧૫ ટકા એન.આર.આઈ. અને ૧૦ ટકા મેનેજમેન્ટ ક્વોટા પ્રવેશ માટે રાજ્યની ભાજપ સરકારે ફી નિર્ધારણ અધિનિયમ જાહેર કરેલ છે અને તેના આધારે ખાનગી કોલેજોના સંચાલકો દર વર્ષે રૂ. ૧૫૦ થી ૨૦૦ કરોડ જેટલી માતબર રકમ એકત્ર કરે છે. આ રકમમાંથી જરૂરિયાતમંદો વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનું સુપ્રિમ કોર્ટના આદેશ છતાં ગુજરાતની ભાજપ સરકારે ખાનગી કોલેજોના સંચાલકોના હિતમાં કોઈ વ્યવસ્થાતંત્ર ઉભું કર્યું નથી.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા મનીષ દોષીએ રાજ્ય સરકાર પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપ સરકારે વિધાનસભા દ્વારા કાયદો બનાવીને ખાનગી કોલેજોના સંચાલકોને ૧૫ ટકા એન.આર.આઈ. અને ૧૦ ટકા મેનેજમેન્ટ ક્વોટા એટલે કે ૨૫ ટકા જેટલી માતબર રકમ એકત્ર કરે છે. સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર સ્વનિર્ભર સંસ્થાઓને એન.આર.આઈ. ક્વોટા લેવામાં આવતી ફીની આવકમાંથી સંસ્થામાં અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને સ્કોલરશીપ આપવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે.

આમ છતાં ખાનગી કોલેજોના સંચાલકોના ફાયદા માટે ભાજપ સરકાર વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરતી નથી. ગુજરાતની ભાજપ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં શિક્ષણના વેપારીકરણને વ્યાપક પ્રમાણમાં પ્રોત્સાહન આપ્યું છે. એમ તેમણે જણાવ્યું હતું.

ભાજપ સરકાર સમક્ષ છેલ્લા પાંચ વર્ષમાં વારંવાર સ્કોલરશીપ અને ફીના ધોરણ બાબતે વિસ્તૃત રજુઆત છતાં રાજ્ય સરકાર દ્વારા નક્કર પગલા ભરવામાં આવ્યા નથી. તેવા આક્ષેપ કરાતાં પ્રવક્તા એ જણાવ્યું હતુ કે મેડીકલ ઈજનેરી ફાર્મસી પેરામેડીકલ તથા અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમોમાં છેલ્લા દસ વર્ષમાં ફીના ધોરણોમાં ૨૦૦ થી ૪૦૦ ટકાનો વધારો જોવા મળે છે. પરિણામે સામાન્ય મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ઉંચી ફી ના કારણે અભ્યાસક્રમ છોડવો પડે છે. મેરીટ હોવા છતાં અન્ય વિદ્યાશાખાઓમાં પ્રવેશ લેવો પડે છે. અને અમુક કિસ્સામાં તો વિદ્યાર્થીઓ આપઘાત કરે છે.

એન.આર.આઈ. ક્વોટા પેટે ખાનગી કોલેજોના સંચાલકો દ્વારા એકત્ર કરાયેલ નાણામાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર સ્કોલરશીપ આપવામાં આવે અને સ્કોલરશીપ માટે સરળ ઝડપી અને પારદર્શક વ્યવસ્થા તંત્ર ઉભું કરવામાં આવે જેથી જરૂરિયાતમંદ સાચા લાભાર્થીઓને તેનો લાભ મળે તેવી માંગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે અને આગામી સત્રથી વિદ્યાર્થીઓના હિતમાં રાજ્ય સરકાર સ્કોલરશીપ અંગેના સુપ્રિમ કોર્ટના આદેશનું અમલીકરણ નહિ કરેતો કાનૂની લડત અપાશે તેવી ચીમકી આપી છે.

# ઉનાળો આકરો : ૦.૩ થી ૦.૭ ડિગ્રી તાપમાનમાં વધારો થશે

### એક્સટેન્ડેડ રેન્જ ફોરકાસ્ટ સિસ્ટમ હેઠળ ચરોતરમાં એપ્રિલ અને મે મહિનામાં મહત્તમ તાપમાનમાં ૦.૩ થી ૦.૭ ડિગ્રીનો વધારો થવાનો વર્તારો : પવનની દિશા બદલાતાં તાપમાનમાં થઈ રહેલો વધારો

ગાંધીનગર, તા. ૧૭

તાપમાનનો પારો ધીમે ધીમે વધતાં ગરમીનું પ્રમાણ વધતું જાય છે. આ વર્ષે એપ્રિલ અને મે મહિનામાં તાપમાન સામાન્ય કરતાં ૦.૩ થી ૦.૭ ડિગ્રી ઊંચું રહેવાનો હવામાન વિભાગ દ્વારા વર્તારો કરવામાં આવ્યો છે. જેનાં પગલે શિયાળાની કડકડતી ઠંડી બાદ હવે ઉનાળાની ગરમી આકરી બની રહેવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ઉનાળામાં તાપમાન સામાન્ય કરતાં ઊંચુ રહેવાની આગાહી એક્સટેન્ડેડ રેન્જ ફોરકાસ્ટ સિસ્ટમ હેઠળ કરવામાં આવી છે.

આઈઆઈટી દિલ્હી અને યુએસએની કોલંબિયા યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઈમેટ એન્ડ સોસાયટીના ઉપક્રમે કૃષિ ક્ષેત્રમાં ક્લાઈમેટ રિસ્ક મેનેજમેન્ટ માટે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. કૃષિ ક્ષેત્રનાં કાયદા માટે ધી એક્સટેન્ડેડ રેન્જ ફોરકાસ્ટ સિસ્ટમ હેઠળ લાંબાગાળાના હવામાનની આગાહી કરવામાં આવે છે. આ પ્રોજેક્ટમાં આઈઆઈટી દિલ્હી, કોલંબિયા યુનિવર્સિટી, ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ, સ્ટેટ એગ્રિકલ્ચર યુનિવર્સિટી મળીને પંદર સંસ્થાઓ કાર્યરત છે. જેમાં ગુજરાતની આણંદ કૃષિ યુનિવર્સિટીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ અંગે આણંદ કૃષિ યુનિવર્સિટીના વડા ડૉ. વ્યાસ પાંડેએ જણાવ્યું હતું કે 'પવનની દિશા બદલાતાં તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આ વર્ષે ઉનાળામાં ગરમીનું પ્રમાણ થોડું વધુ રહેશે. એક્સટેન્ડેડ રેન્જ ફોરકાસ્ટ સિસ્ટમ હેઠળ કરવામાં આવેલી આગાહી મુજબ એપ્રિલ અને મે મહિનામાં તાપમાન સામાન્ય કરતાં ૦.૩ થી ૦.૭ ડિગ્રી વધુ રહેશે. હવામાનની આગાહી માટે વિશ્વના આઠ મોડેલનો ઉપયોગ કરીને તારણ કાઢવામાં આવે છે.

એપ્રિલ મહિનામાં દિવસનું સામાન્ય તાપમાન ૩૮.૪ ડિગ્રી અને રાત્રિનું સામાન્ય તાપમાન ૨૧.૨ ડિગ્રી રહે છે. જ્યારે મે મહિનામાં દિવસનું સામાન્ય તાપમાન ૩૯.૩ ડિગ્રી અને રાત્રિનું સામાન્ય તાપમાન ૨૫.૨ ડિગ્રી રહે છે. તાપમાનમાં થતી વધઘટ માટે ઘણાં પરિબળો જવાબદાર હોય છે. વાતાવરણમાં ભેજના પ્રમાણમાં થતી વધઘટ, પવનની બદલાતી દિશાના કારણે તાપમાનમાં વધ-ઘટ થતી રહી છે. જો કે, તાપમાનમાં આ ફેરફારની જનજીવન પર પણ અસર જોવા મળશે.

## આવતીકાલે સેક્ટર-૨/ડી ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણ ભાવ સાથે દરેક ભક્તો ઈશ્વરકૃપા મેળવવા પ્રભુભક્તિ કરે છે. ગાંધીનગરના જાણીતા ભક્તજન ભાવનાબેન ગોકલાણીના સ્વરે આવતીકાલે તા. ૧૯મી માર્ચ-૨૦૧૩ને સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન દેવાંગનાબેન પંડ્યાના નિવાસ પ્લોટ નં. ૧૧૩૨/૧, સ્વામીનારાયણ મંદિર પાસે, સેક્ટર-૨-ડી, ગાંધીનગર ખાતે આનંદનો ગરબો યોજાશે. નગરજનો આ પ્રસંગનો લાભ લેશે.

## શબ્દાવલી - ૫૦૧૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | | ૪ |
| | ■ | ■ | ૫ | | | ■ | |
| ૬ | ૭ | ૮ | | ■ | ■ | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | ■ | ૧૨ | |
| | ■ | ■ | ૧૩ | | ૧૪ | | ■ |
| ■ | ૧૫ | | | ■ | | ■ | ૧૬ |
| ૧૭ | | ■ | | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |

### આડી ચાવી

૧. બની ગયેલ બનાવની માહિતી (૪)
૩. આશ્ચર્ય (૩)
૫. શંકા, શક (૩)
૬. ચોરી ચકારી (૪)
૯. તાજુ નહિ તેવું (૨)
૧૦. જરાક, થોડુંક (૩)
૧૨. સમસ્યાનું..., ઉપાય (૨)
૧૩. સમાપ્તિ, અંત (૪)
૧૫. લગ્ન, (૩)
૧૭. મેડમ, અંગ્રેજી મહિલા (૨)
૧૮. પસંદગી, ... કરવું (૩)
૨૦. મંદિરમાં જઈ દેવ... કરવા જોઈએ (૩)
૨૧. સંચાલન, ... કરવું (૪)

### ઊભી ચાવી

૧. અવહેલવું તે (૫)
૨. તાવમાં કરાતો બબડાટ (૩)
૩. સોનું, કંચન (૨)
૪. જમીન-મહેસૂલ, તાલુકો (૪)
૭. અનુરાગી, માયાવાળુ (૨)
૮. તફાવત (૨)
૯. ખોડિયાર માનું... મગર છે (૩)
૧૧. કામવાળા... ઓનું પણ યુનિયન હોય છે (૨)
૧૩. ... કરવું, સહેલું (૩)
૧૪. ઓળખાણ (૪)
૧૫. વિચાર..., વિચારોની આપ-લે કરવી (૩)
૧૬. જંગલ, વગડો (૩)
૧૭. ચરબી, શરીર વધવાનું મુળ (૨)
૧૯. જમ, ... રાજ, મૃત્યુના દેવ (૨)

### શબ્દાવલી ૫૦૦૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) મલમ (૪) પગ (૬) જન્માક્ષર (૭) લગામ (૯) બગલ (૧૦) શીતલ (૧૨) અગાશી (૧૩) લાભાલાભ (૧૫) પાટ (૧૬) વક (૧૭) ઉતરાઈ (૧૮) શટર

**ઊભી ચાવી :-** (૧) મતલબ (૨) મખમલ (૩) વ્યંજન (૪) પક્ષપાત (૫) ગર (૮) ગાગ (૧૦) શીશી (૧૧) ભારત (૧૨) અભરાઈ (૧૪) ભારત (૧૫) પાકટ (૧૬) વશ

# અમદાવાદ સહિત રાજ્યમાં મિશ્ર હવામાનની પરિસ્થિતી

### ગરમીના પ્રમાણમાં વધારો થવાના સંકેત : પંખા, એસી ચલાવવાની ફરજ : હાલ લોકોને સાવધાન રહેવાની જરૂર

અમદાવાદ,તા. ૧૭

અમદાવાદ સહિત ગુજરાતમાં તીવ્ર ગરમીનુ મોજુ અકબંધ રહ્યું છે. ગરમીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. હાલમાં મિશ્ર હવામાનના કારણે લોકોને જુદી જુદી બિમારીની અસર જોવા મળી રહી છે. અમદાવાદ શહેરમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં હાલ સ્વાઇન ફ્લુના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. સ્વાઇન ફ્લુથી મોતનો આંકડો વધીને ૧૦૦થી ઉપર પહોંચી ગયો છે.બીજી બાજુ ગરમીના પ્રમાણમાં તીવ્ર વધારો થવાના સંકેત દેખાઇ રહ્યા છે. અમદાવાદ માટે કરવામાં આવેલી સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે સામાન્ય રીતે પ્રદેશમાં નીચલી સપાટીએ ઉત્તર પશ્ચિમી પવન ફુંકાવવાના કારણે હાલ મિશ્ર સ્થિતી જોવા મળી રહી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગુજરાતમાં સૌથી વધારે મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું. ભુજ ખાતે પણ મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી નોંધાયું હતું. પોરબંદર ખાતે પણ મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી નોંધાયું હતું. ગરમીથી રક્ષણ મેળવવા માટે હાલ એસી અને પંખાનો પુરતો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

## સ્થાપના દિવસ ઉજવશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉત્સવ દ્વારા વિવિધ સ્થાનો પર ભા.જ.પા. હોળી ઉત્સવનો કાર્યક્રમ કરશે. તેમજ બધાં જ પ્રાંતના વિવિધ લોકો સાથે મળી કાર્યકર્તાઓ હોળી ઉત્સવ મનાવશે. પ્રદેશ અધ્યક્ષશ્રી આર.સી. ફળદુ સંગઠન સંરચનાની કાર્યવાહી સમયસર તથા યોગ્ય રીતે પૂર્ણ કરવા જણાવેલુ તેમજ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપેલ.

શ્રી રૂપાલાજીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભા.જ.પા.નાં વિજય બદલ સંગઠનને અભિનંદન આપેલ. તથા આગામી પેટા ચૂંટણીઓ માટે સજ્જ થવા જણાવેલ.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બધાં જ કાર્યકર્તાઓનું સંગઠનાત્મક જવાબદારી નિભાવવાની સાથે સાથે દરેક સ્તરે સંગઠનની યોગ્ય રચના કરવાનું માર્ગદર્શન આપેલું. તેમજ ૬ એપ્રિલ ભા.જ.પા. સ્થાપના દિનનાં ઉત્સવમાં ચૂંટાયેલા તથા સંગઠનના જ કાર્યકર્તાઓ જોડાય તેમ જણાવેલ. તથા કાર્યકર્યાઓને પ્રેરક માર્ગદર્શન આપેલ.

# ચારણોએ સમાજને સંસ્કાર અને સંસ્કૃતિના માર્ગે દોરવણી આપી છે : મોરારિબાપુ

### મજાદર (કાગધામ) ખાતે મોરારિબાપુની નિશ્રામાં 'કાગને ફળિયે કાગની વાતુ' કાર્યક્રમ સંપન્ન

અમરેલી, તા. ૧૭

ભારતી ભોમની ગુર્જરી વ્યોમમાં ચમકતો ઉગ્યો એક સિતારો
સોરઠી સાદથી મેઘના નાદથી ગગન ગજાવનારો ક્યાં ગયો ?
પુરાતન ચારણી વાણીના અમૂલા મૂલને મૂલવનારો ક્યાં ગયો ?
શારદામાતનો મધુરો મોરલો 'કાગ' ટહૂકી ગયો 'કાગવાણી'
કચ્છની ધરતીના લોકકવિ શ્રી દુલેરાય કારાણીએ જેમનો મહિમા



ગાતા આ કવિએ કહ્યું હતું. એવા 'ઝાઝી વાતોના જાણનારા, લોકઆસ્થાના કવિ અને મેઘાણીજીએ જેમને 'ફાટેલ પિયાલાના કવિ' તરીકે ઓળખાવ્યા હતા એ મજાદર (કાગધામ)ના નિવાસી લોકકથાકાર-લોકકવિ પદ્મશ્રી દુલા ભાયા કાગની સ્મૃતિમાં પ્રતિવર્ષે સંતશ્રી મોરારિબાપુની પ્રેરક અને પાવન નિશ્રામાં યોજાતો કાર્યક્રમ 'કાગને ફળિયે કાગની વાતુ' ઓણસાલ પણ તા. ૧૫-૩-૨૦૧૩ને ફાગણ સુદ ચોથના પર્વે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મજાદર (કાગધામ) ખાતે પ્રતિભાવંત લોકકવિઓ, લોકકથાકારો, લોકસાહિત્યના મર્મીઓ અને ચાહકો-ભાવકોની હકડેઠઠ ભીડ વચ્ચે સંપન્ન થયો.

પ્રતિવર્ષે અપાતા 'કવિશ્રી કાગબાપુ લોક સાહિત્ય એવોર્ડ' પણ શ્રી મોરારિબાપુના વરદ્હસ્તે અહીં અપાયા ત્યારે વહેલી કાગવાણીની સરવાણીથી કવિ કાગ પણ જાણે અહીં સાક્ષાત સ્વરૂપે પ્રકટ્યા હોય એવો




માહોલ ઉભો થયો હતો.

'કાગને ફળિયે કાગની વાતુ' અંતર્ગત લોકસાહિત્ય રસપાનના આ અનોખા કાર્યક્રમમાં સર્વશ્રી (સ્વ.) રતિકુમાર વ્યાસ, નરોત્તમ પલાણ, લક્ષ્મણભાઈ પી. ગઢવી, અભેસિંહ રાઠોડ અને ડૉ. શક્તિદાન કવિયા (રાજસ્થાન)ને સન્માનિત કરાયા હતા. આ સન્માન સાથે રૂ. ૨૫૦૦૦ની રાશિ, સન્માનપત્ર અને સ્મૃતિચિન્હ પણ એનાયત કરાયા હતા.

સીતાજીને શોધવા નીકળેલા હનુમાનજીને જ્યારે 'કયા માર્ગે જવું ?'ની દ્વિધા હતી ત્યારે વાલ્મિકી રામાયણમાં કહેવાયું છે એમ 'ચારણામ્ ચરણે પથિત' અર્થાત ચારણો જે માર્ગે જઈ રહ્યાં છે તે માર્ગે જવા હનુમાનજીને અનુરોધ કરાયો હતો અને એમ હનુમાનજી એમના યતકાર્યમાં આગળ વધ્યા હતા. એવો શાસ્ત્રોકથિત ઉલ્લેખ કરીને શ્રી મોરારિબાપુએ, ચારણોએ હંમેશા સમાજને સુસંસ્કાર અને સંસ્કૃતિના માર્ગે દોરવણી આપી છે અને એમાં કવિ દુલા ભાયા કાગ-ભગતબાપુ શિરમોર રહ્યાં છે એમ જણાવી પોતાના પ્રાસંગિક વક્તવ્યાં કહ્યું કે ચારણો પાસેથી સમાજને પણ બહુ મોટી અપેક્ષા છે અને એ લોકસાહિત્યની પરંપરાને એમના પ્રદાન દ્વારા અહર્નિશ જાળવી રહેલા પાંચ લોકસાહિત્ય મર્મજ્ઞોને 'કાગબાપુ લોક સાહિત્ય એવોર્ડ' આપતી વેળાએ એક સાથે કંઠ, કલમ, કરણી અને શક્તિનું પણ સન્માન થઈ રહ્યું છે તેવો લાગણીસભર ભાવ વ્યક્ત કરી, આ સન્માન સ્વીકારવા આ મહાનુભાવો કાગને ફળિયે પધાર્યા તેનો શ્રી મોરારિબાપુએ રાજીપો-હૃદયનો આનંદ વ્યક્ત કર્યો હતો.

નમતી બપોરે 'કાગને ફળિયે કાગની વાતુ' કરતાં લોકસાહિત્યના જાણતલ એવા શ્રી યશવંત લાંબા અને પૂર્વ સનદી અધિકારીશ્રી વસંતભાઈ ગઢવીએ પણ કાગબાપુના જીવન-કવનને ઉજાગર કરતી અનેક વણસુણી વાતો કહી હતી. જેમાં કાગવાણીના ભણકારા હજીય વાગે છે અને લોકવાણી જો ખોવાઈ જશે તો ભાષા ગુજરાતીની કડી પણ નહિ જ મળે એવો અંદેશો વ્યક્ત કરી શ્રી યશવંતભાઈ લાંબાએ કાગબાપુ રચિત અનેક દુહા, છંદ અને લોકકથાના ઉદાહરણઓ કાગબાપુની શેલી અને લઢણમાં રજૂ કરીને ઉપસ્થિત સૌના મન મોહ્યાં હતાં. દોહો એટલે 'દેખનમે છોટો લાગે, ધાવ કરે ગંભીર' અને પાંચ માણસ હોય કે પાંચ હજારની મેદની, કાગબાપુની રંગત કે રજુઆતમાં તસુભાર પણ ફરક ન પડતો. એવી કોઈ જાણતલને જ ખબર હોય એવી ઘટનાઓ-પ્રસંગો વર્ણવ્યા હતા.

આ શ્રેણીના બીજા વક્તા શ્રી વસંતભાઈ ગઢવી કે જેમને એમના શાળાજીવન દરમિયાન કાગબાપુનું સાનિધ્ય સાંપડ્યાનો લ્હાવો મળ્યો હતો. તેમણે પણ કવિતામાં ઉંબરથી, અંબર સુધીના પટને આવરી લેતા કવિ કાગના રાજવીઓ સાથેના ઘરોબા છતાં, તેઓ કોઈપણ અર્થમાં રાજદરબારી કવિ ન હતા, તેની વિદ્વતાભરી છણાવટ કરતાં કહ્યું કે, કાગ બાપુ એક સ્વતંત્ર મિજાજના કવિ હતા. આ જ કારણે કાગબાપુ ગરીબો-પીડીતો-વંચિતો-સોષિતોની વેદનાને પણ એમની કવિતામાં આ રીતે ઉતારી શક્યા હતા કે, 'જગત કલ્યાણ કેરા કાવ્યો લલકારીએ/અમે ઝૂપડે-ઝૂપડે




જઈ ગીત ગાઈએ' કવિ તુલસીદાસનો વિવેક કવિ કાગ સુધી પણ પહોંચેલો હતો અને વેદો/ઉપનિષદોમાં જે વાતો કહેવાઈ છે તેના ગાન રચીને કવિએ લોકકલ્યાણ અર્થે એના ધોરિયા કર્યા છે અને એનું હીર સાચવ્યું છે એણ પણ શ્રી વસંતભાઈએ કહ્યું હતું.

'કવિ કાગ એવોર્ડ' થી સન્માનિત રાજસ્થાનના પ્રથિતયશ લોકસાહિત્યકાર ડૉ. શક્તિદાન કવિયાએ રાજસ્થાનમાં પણ કવિ કાગની સ્મૃતિમાં રાજસ્થાની ભાષામાં રચાયેલા દોહાઓ-છંદો રજૂ કરીને, સરહદો ઓળંગી ગયેલી કાગવાણીને પ્રસંશાના પુષ્પોથી સુશોભિત કરી હતી.

રાત્રે યોજાયેલા કાગવાણી લોકડાયરામાં લોક કલાકારો સર્વશ્રી અભેસિંહ રાઠોડ, ધીરૂભાઈ સરવૈયા, રાજભા ગઢવી, જયદેવ ગઢવી, કમલેશ ગઢવી, શક્તદાન કવિયા, વિજયદાન ગઢવી વિગેરે નામી-અનામી કલાના કસબીઓએ લોકસાહિત્ય અને કાગવાણીની રસલ્હાણથી આખાય મજાદરને રસતરબોળ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. બળવંતભાઈ જાનીએ કર્યું હતું.

આ પાવન પ્રસંગે ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, પૂર્વ કૃષિમંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, લોક સાહિત્યકારશ્રી ભીખુદાન ગઢવી, તખતદાન



ગઢવી (દાન અલગારી), સુપ્રસિદ્ધ હાસ્યકલાકારશ્રી માયાભાઈ આહિર ઉપરાંત રાજકોટના સંયુક્ત માહિતી નિયાકશ્રી નટુભાઈ પરમાર, અમરેલીના નાયબ માહિતી નિયામકશ્રી ભરત બસીયા, એન.વી. લગધીર, ભૂપત પાથર, શ્રી ધડુક સૌ ઉપસ્થિત રહ્યાં હતા.

કાગને ફળિયે પધારેલા સૌનું અભિવાદન કાગ પરિવારના શ્રી બાબુભાઈ કાગ, જયદેવભાઈ કાગ અને સહદેવભાઈએ કર્યું હતું.

# ૨૦મીએ દિન-રાત સરખા હશે : ૨૧મીથી દિન લંબાશે

અમદાવાદ,તા. ૧૭

સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ૨૦મી માર્ચે દિવસ અને રાત સરખા જોવા મળસે. ૨૧મી ગુરૂવારથી દિવસ લંબાતો જાય છે અને ૨૧મી જુને લાંબામાં લાંબો દિવસનો લૌક અનુભવ કરશે.

ખોગોળીય ઘટનાનો અનુભવ કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે. જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યાએ જણાવ્યું કે ૨૦મી માર્ચના બુધવારે દિવસ ૧૨ કલાકને ૦૪ મિનિટનો રાત્રિ ૧૧ કલાક ને ૫૬ મિનિટ રહેશે. સૂર્યોદર સવારે ૬ કલાક ૪૫મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાક ૪૯ મિનિટે થશે. ૨૦મી માર્ચ પછી ઉત્તરોત્તર દિવસ લાંબો થતો જશે. સરખા દિવસ માટે પાંચથી સાત મિનિટનો તફાવત રહે છે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. ૨૧મી જૂને લાંબામાં લાંબો દિવસ હોય છે. ૨૦મી માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે ૨૧મી સપ્ટેમ્બરનાદિવસને શરદ સંપાત તરીકે ઓળખાય છે. ૨૦મી માર્ચ સૂર્યની આકાશી વિષુવવૃત્તને છેદવાની પ્રક્રિયા શરૂ થતાં તે દિવસે રાત-દિવસ સરખા થાય છે. આ દિવસ પછી ગરમીનું પ્રમાણ વધતું જાય છે. વિષૃવવૃત એક બીજાને વર્ષમાં બે વખત છેદે છે. સૂર્ય ખસતો ખસતો આકાશી વિષુવવૃતને છેદે છે તેને વસંત સંપાત કહે છે.

વસંત સંપાત દિવસ પછી ગરમી શરૂ થાય છે કારણ કે પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ને ખૂણે નમેલી હોય છે. હવે પૃથ્વીનું ઉત્તર તરફનું માથુ સૂર્ય તરફ તેટલા ખૂણે નમેલું જોવા મળશે. આપણે ઉત્તર ગોળાર્ધમાં વસવાટ કરતા હોવાથી સૂર્યના સીધઆ કિરણો આપણા વિસ્તારમાં આવતા હોવાને કારણે ગરમીનું પ્રમાણ વધે છે. જ્યારે ૨૧મી જુન પછી સૂર્ય પુનઃ દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયન કહે છે.

## સ્માર્ટફોન - કોમ્પ્યુટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિપેર થઈ હોય તેવી આ પ્રથમ ઘટના હતી. આ ક્ષણો ખરેખર ખૂબ અદ્ભુત અને અભૂતપૂર્વ હતી. તે સમયે એવું લાગતું હતું કે અમે જાણે ઈન્ટિગ્રેટેડ સર્કિટ્સની ક્રાંતિના આગામી તબક્કાના સાક્ષી બની રહ્યા છીએ. અમે લગભગ અડધું ચિમ્પલફાયર બ્લાસ્ટ કરી નાખ્યુંહોવા છતાં આ ચીપ દ્વારા તેનું રિપેરિંગ થઈ ગયુ હતું. ટેકનોલોજીના તજજ્ઞોએ જણાવ્યું હતું કે હાલમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો ખરાબ થઈ જવાની સંખ્યાબંધ ફરિયાદો વધી રહી હોવાથી આ ચીપ આશીર્વાદરૂપ પુરવાર થઈ શકે છે.

# વિદેશી મૂડી રોકાણમાં ગુજરાત દેશમાં પાંચમાં ક્રમે ધકેલાયું છે

અમદાવાદ,તા.૧૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈરાત્રે દિલ્હીમાં ઈન્ડિયા ટુડે કોન્કલેવમાં કરેલા પ્રવચનને જુઠ્ઠાણાનો દસ્તાવેજ ગણાવતા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ તેમના પ્રવચનમાં અને રાજ્ય સરકારે તૈયાર કરેલી ફિલ્મ "વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩માં" વિદેશી મૂડીરોકાણના જે વચનો મળ્યા હતાપરંતુ વાસ્તવિકતા એ છે કે સીધા વિદેશી મૂડીરોકાણ (એફડીઆઈ)માં આઈબીઆઈના આંકડાઓ મુજબ ગુજરાતમાં ૨૦૦૦ થી ૨૦૧૨ સુધીમાં રૂા. ૩૬,૯૧૩ કરોડના મૂડી રોકાણ સાથે ગુજરાત દેશમાં પાંચમા ક્રમે છે. જ્યારે મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક અને તામિલનાડું મૂડીરોકાણમાં ગુજરાત કરતાં આગળ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રીએ બે વર્ષમાં સુજલામ-સુફલામ યોજના પૂરીકરી હોવાનો દાવો કર્યોછે પણ હકીકત એ છે કે ૨૦૦૪માં શરૂ થયેલી આ યોજના રૂપિયા ૧૨૦૦ કરોડનો (કેગના અહેવાલ મુજબ) ભ્રષ્ટાચાર થયો હોવા છતાં પૂરી થઈ નથી. ગુજરાતમાં ભાજપનું ૧૮ વર્ષથી શાસન છે. ભારત સરકારે રૂપિયા ૧૧૦૦૦ કરોડની સહાય કરી હોવા છતાં ૮૦,૦૦૦ કિ.મી. લાંબી કેનાલ નેટવર્કના કામમાં માત્ર ૧૯૦૦૦ કિ.મી કેનાલ જ કામો પુર્ણ થયા છે.

મોઢવાડિયાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રીએ ગુજરાત સોલાર હબ બન્યું હોવાનો દાવો કર્યો છે. પરંતુ ૬૫૦ મેગાવોટ સોલર યુનિટ પાવર પરચેઝ એગ્રીમેન્ટ માટે કોઈ સ્પર્ધાત્મક ભાવો મંગાવ્યા નથી અને રૂપિયા ૧૨ પ્રતિ યુનિટ વિજળી ખરીદવાના કારરો કરવામાં આવ્યા છે. જ્યારે મધ્યપ્રદેશે અને તામિલનાડુએ સ્પર્ધાત્મક ભાવો મંગાવીને એમપીએ સોલર વીજળી રૂા. ૮ પ્રતિ યુનિટના ભાવે અને તામિલનાડુએ રૂા. ૬.૪૦ પ્રતિયુનિટના ભાવે વીજળી ખરીદી છે.